આમ તો મને ખબર હતી
કે મારા ઘરના કોઈક અંધારા ખૂણેખાંચરે
એક રસોડું છે.

જમવાના ટેબલ પર
સવારે હું લહેરથી નાસ્તો કરતી
અને બપોરે જમતી વખતે રાગાચાળા
રાતે આનંદપૂર્વક વાળુની રાહ જોતી.

હા, મને ખ્યાલ હતો
કે અમારા મહાલયમાં ક્યાંક ઊંડે ઊંડે
એક રસોડું હશે ખરું.

❖

એક વખત હું ઠેઠ રસોડાની અંદર પહોંચી ગઈ.
ભડભડતા ચૂલા સામે
રસોઇયણ એવા ક્રોધથી જોતી હતી
જાણે એ સ્વર્ગમાંથી અગ્નિ
ચોરી લાવનાર પ્રોમીથિયસ*ને
એની અવળચંડાઈ માટે
કદી માફ નહીં કરે.

એનો કાળો ચહેરો પરસેવાથી ચકચક થતો હતો
અને ત્યાં કશીક ગંધારી વાસ આવતી હતી.

બિલ્લીપગે હું ત્યાંથી નીકળી ગઈ
અને વિચારવા લાગી કે
લોકોને પોતાના સુંદર અને પ્રકાશમય આવાસોમાં
આવી અંધારી બખોલો શીદને રાખવી પડતી હશે?

❖

---

* પ્રોમીથિયસ - ગ્રીક પૌરાણિક કથાઓમાં ટાઇટન, દેવતા તરીકે ઓળખવામાં આવે છે, જે માનવતાના સર્જક હતા અને એમનામાંના એક પ્રોમીથિયસે માઉન્ટ ઓલિમ્પસમાંથી અગ્નિને ચોરી લઈને માનવજાતિને આપ્યો હતો.

એક રાત મને યાદ આવે છે...
આહા! કેવી સુગંધ અને કેવો ઝગમગાટ!

રૂપવતી સ્ત્રીઓ અને પ્રતિભાશાળી પુરુષો
મારી અડોઅડ ચાલ્યા જતા હતા.
તેમના ચહેરા પર મલકાટ હતો.

મારી મા એના રત્નજડિત અલંકારો
અને રાજવી ઠાઠ વડે
એ આખી મજલિસ પર છવાઈ ગઈ હતી.
એના સ્મિતથી
એ સૌના ઉપર કૃપાબિંદુઓનો છંટકાવ કરતી હતી.

હું એક ખૂણામાં લપાઈને
આ જલસો માણતી હતી
પણ એટલામાં તો –
કોઈએ ભોજનને વખાણ્યું
અને મારી માની રાંધણકલાની
અનહદ તારીફ કરી!

❖

એ સોનેરી સંધ્યા
ધીરે ધીરે ભૂખરી થતી જતી હતી.
અમે રમીરમીને થાક્યાં હતાં –
મારી બહેનપણી ને હું – પરસેવાથી લદબદ..

અમે એના નાનકડા ઘરમાં ગયાં.
ત્યાં તો રસોડું બરાબર વચમાં હતું,
જાણે હસીને સામું આવતું હતું!
એની માને પળનીયે ફુરસદ નહોતી
પણ એની આંખો ચમકતી હતી
અને એના ગાલ ગુલાબી હતા.
એણે અમને ધમકાવ્યાં તો ખરાં
પણ એના સ્વરમાં સંગીત હતું.
પછી એણે અમને ખૂબ બધું ખાવાપીવાનું આપ્યું.

અમે તો એ રસોડામાં જ
એક ખુરશી અને નાના સ્ટૂલ પર અડ્ડો જમાવ્યો.
ખાધું, પીધું, તડાકા માર્યા
અને ખડખડાટ હસ્યાં.
એની મા પણ એમાં અમારી સાથે સામેલ હતી.
ઓહો, એ નાના રસોડામાં
કેવું અજવાળું હતું!
અને અમે કેવી ગમ્મત કરી હતી!

❖

હવે કંઈ હું નાની નહોતી.
ઝપાટાબંધ ઊંચી વધતી હતી.
મારે વખત-બે-વખત ભૂખ લાગતાં
રસોડા પર હલ્લો લઈ જવો પડતો હતો.

અરે! દિવસ આથમે ને રાત પડે
ત્યારે રસોડાનો રંગ કેવો બદલાઈ જાય છે!
            રસોઇયણ, ચૂલો, તપેલાં ને કડાઈ
            બધું નીંદરમાં ઢબુરાઈ ગયું છે.
            માત્ર મારાં પગલાં જાગે છે
            અને મારી દરેક હિલચાલની
            સૌને જાણ કરે છે.
રાતના અંધકારમાં આ અમારું રસોડું
કોઈ જુદી જ જગ્યા બની જાય છે –
રહસ્યમય અને આનંદના સૂક્ષ્મ રોમાંચભરી!

❖

પછી તો પ્રેમમાં પડવાનો વખત આવ્યો.
દેખીતું જ છે – સૌથી પહેલાં
અમારા ઇતિહાસના શિક્ષકને,
પછી ફિલ્મી સિતારાને,
ત્યાર બાદ અમારી ક્રિકેટ ટીમના કૅપ્ટનને
હું ચાહવા લાગી.

આ બધાં પ્રેમપ્રકરણો આમ તો સાચાં જ કહેવાય.
થોડોક વખત મનમાં ટકેલાં
પણ પછી મને મારો સ્વપ્નપુરુષ લાધ્યો –

ઊંચો ને સોહામણો!
એની ચિબુકમાં તો ગલ પડે
અને એ સ્મિત કરે ત્યારે
આપણે સાતમે આસમાને પહોંચી જઈએ.

હું એને ચાહતી હતી
એક મરણિયા આવેગથી – આવેશપૂર્વક
મારા સમસ્ત હૃદયથી.

પરંતુ એણે તો મને હસતાં હસતાં પૂછી લીધું,
તને ખાતરી છેને કે તું રાંધી શકીશ?

મારી આસપાસ રસોડાની દીવાલો
ચક્કરભમ્મર ફરવા લાગી.

હું હોશકોશ ગુમાવી બેઠી.
રખે માનતા કે આનંદથી!
ગરમી ને પરસેવો
એકધારા કામ અને મજૂરીના અનંત કલાકો –
એ વિચારના બોજા તળે હું કચરાઈ ગઈ.

❖

શું એક સ્ત્રી રસોડાથી છટકી જ ન શકે?
મારી માને તો આવી નાચીજ જગ્યા સાથે
કશી જ લેવાદેવા નહોતી.
એ તો ફક્ત શું ખાવું છે તે નક્કી કરતી હતી
અને જમવાના ટેબલ પાસે બેસતી ત્યારે
ખૂબ જ મોહક અને તાજગીભરી દેખાતી હતી.

જોકે મારા પિતા પાસે અઢળક દોલત હતી.
મારી માને રસોડાની દીવાલો
અને એની અંદર રહેલી ચીજો સાથે
કશી જ લેવાદેવા નહોતી.
એને ફક્ત એક જ સમસ્યા હતી,
કે આ નોકરોની લંગારને
હવે કયું કામ સોંપવું?

પણ આજનો દિવસ જુદો છે.
આજનો જમાનો પણ.
મારો પ્રેમી મને પૂછે છે
કે મને રાંધતાં આવડે છે કે નહીં?
મારે એને જવાબ તો દેવો જ પડશે.
હા કે ના?
એ થોડો જ રાહ જોવાનો છે?
માટે જલદી બોલો - મારાં દિલ, દિમાગ ને હાથ
એને હા કહું કે ના?

❖

જો કે હું રાંધી શકું કદાચ,
એમાં તે કઈ મોટી વાત છે?
બેચાર ક્લાસ ભરવાના,
બેચાર ચોપડીઓ વાંચવાની,
એકાદ ફક્કડ ઍપ્રન ખરીદવાનું.
બસ, પતી ગયું!

રસોડામાં હું રાજ કરીશ.
જમવાના ટેબલ પર પણ...
ને રહીશ મોગરાના ફૂલ જેવી તાજગીભરી.
મારા કુટુંબનું, મિત્રોનું ને મહેમાનોનું
સસ્મિત સ્વાગત કરીશ.
કદાચ કોઈ વાર પાડોશીઓનું પણ.

બધા જમશે અને ખુશ થશે.
મારાં વખાણ કરશે ઢગલેઢોળ.
હું ગર્વ અને આનંદ અનુભવીશ
પણ...
પાછો બીજો દિવસ ઊગશે.
વળી એક, વળી એક,
રોજેરોજના ત્રણ ટંક હંમેશાં સાચવવાના
તેમ છતાં
હું એક ચમકતું ને આનંદભર્યું
ઝાકળબિંદુ રહી શકીશ કે?

❖

ચાલને, મોહક સ્મિત કરીને
એને જ આનો આ પ્રશ્ન પૂછું!
જોઈએ તો ખરા એ શો જવાબ આપે છે.
એ સમજે છે કે એ શું માગી રહ્યો છે?
    રસોઈનું રણશિંગું ફૂંકાશે
    પ્રતિદિન ત્રણ ત્રણ વાર
    રોજેરોજ – હરરોજ – દરરોજ!
    ક્યારેય ખાડો નહીં,
    શ્વાસ ખાવાયે અટકવાનું નહીં.
    આવી એકધારી મજૂરી એટલે
    કેટલા કલાકો થયા જીવનના?

મને લાગે છે કે મલકતે ચહેરે પૂછેલા
એના આ નિર્દોષ દેખાતા પ્રશ્નના જવાબમાં
હું ના કહી દઉં.
અને મારો ચહેરો લાલચોળ થઈ જાય ત્યાં લગી
મોટેમોટેથી ઘાંટા પાડું –
    'ના, મને રસોઈ કરતાં નથી આવડતી અને
    શીખવાનો મારો કોઈ ઇરાદો પણ નથી.'

પણ એ ગર્વીલો માણસ મને જોઈએ છે.
મારે એને મારો પોતાનો કરી લેવો છે.
    એટલે હું રાંધતાં શીખીશ
    અને એના હૃદય લગી પહોંચવાનો
    બીજો કોઈ રસ્તો નહીં જડે ત્યાં લગી
    એને જમાડીને જ જીતી લઈશ.

લોકો કહે છે કે,
પશ્ચિમના કેટલાક દેશોમાં
રસોડું જ મહત્ત્વનું ગણાય છે.
　　　　સૌથી વિશાળ,
　　　　સૌથી સરસ,
　　　　વધારેમાં વધારે હવા-ઉજાસવાળો ઓરડો
　　　　રસોડા માટે રખાય છે.

હશે!

પણ રસોડું શું એવી જગ્યા નથી
જ્યાં રસોઈ થતી હોય?
અને રસોઈ હંમેશાં સ્ત્રીઓને જ નથી કરવી પડતી?

જેલ મોટી હોય કે નાની,
અંધારી હોય કે પ્રકાશવાળી,
તેથી કંઈ ખાસ ફરક પડે ખરો?

❖

હાય રે! પણ હું તો એને ચાહું છું.
મારે એની સાથે રહેવું છેને એનાં બાળકોની મા બનવું છે.
એ બાળકો પાછાં મોટાં થશે
અને જમવા માટે રીડિયારમણ કરશે
ગમે તે સમયે.

અને એ મારા ઘરના રાજાધિરાજને તો
દરેક જમણ વખતે શાંતિ ને સુશાસન જોઈશે.
એના બધા હુકમ
હું હસતે મોંએ ઉઠાવી શકીશ?

મારા વીખરાયેલા વાળ અને મેલાં કપડાંમાં
હું એને પહેલાંના જેટલી જ ચાહવાયોગ્ય લાગીશ
કે મારી થાકેલી આંખો સામેથી એ નજર ફેરવી લેશે?

હું તો શક્તિશાળી હર્ક્યુલિયસ જેવો પ્રયત્ન પણ કરું
પરંતુ આ બધું ખરેખર કરવા જેવું છે?

❖

આ રસોડાને હું ધિક્કારું છું.
એ મારા અંગત વિચારપ્રવાહમાં
હંમેશાં ખલેલ પહોંચાડે છે.

મારું બધું કામ પતી જાય
પછી પણ
મારે આવતી કાલનું
આયોજન કરવું જ પડે છે.

અને એ તો કોણ નથી જાણતું
કે યોજના પાર પાડવા કરતાં
યોજના ઘડવી ઘણી વધારે મુશ્કેલ હોય છે?

જ્યારે હું રસોડામાં પગ મૂકું છું
ત્યારે મારા ચિત્તમાં
સેંકડો ત્રાસદાયક બાબતો
ઘમસાણ મચાવે છે.

એ હડસેલી કઢાય એવી નથી હોતી.
અને એ બધીને પાર પાડું
ત્યાર લગીમાં તો મારાં બધાં સપનાં
અદૃશ્ય થઈ જાય છે.

❖

એક જ પળે હું ધરતી પર ઘસડાઉં
ને આકાશમાંયે ઊડું
એ તો ન જ બનેને?

એક પત્ની, એક ગૃહિણી, એક માતા ને એક રસોઇયણ
તથા એક સાહસિક પ્રવાસી, એક વૈજ્ઞાનિક, એક વકીલ,
એક સ્થપતિ, એક કવિ, એક તબીબ
ઓહો, આ બધી ભૂમિકા
હું એકસાથે તો ન જ ભજવી શકુંને?

જુઓ! મારે કંઈ જેવાતેવા નથી થવું.
જે કાર્યક્ષેત્ર હું પસંદ કરું તેમાં મારે સર્વોત્કૃષ્ટ થવું છે.
આવો ભયાનક વિકલ્પ શાથી મારે માટે –
મારે એકલીને માટે?
માત્ર હું એક સ્ત્રી છું એટલે?

❖